


Design By : Banas Dairy Media


પ્રકાશન :- ઇન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો.૨૦, પાલનપુર - ૩૮૫૦૦૧



Banas Dairy
India's Pride - Asia's Best

બનાસની ધરતીનો
# ધબકાર

અંક: ૨૦ | સપ્ટેમ્બર - ૨૦૨૪ www.banasdairy.coop banasdairy1969 banasdairy1969 banasdairy1969 banasdairymedia


**બનાસ ડેરી દ્વારા નિર્મિત અતિઆધુનિક સોઇલ ટેસ્ટિંગ લેબોરેટરીનું ચેરમેન શ્રી શંકરભાઈનાં વરદ્હસ્તે લોકાર્પણ કરાયું.**

**માઈભાક્તોની સેવામાં બનાસ ડેરીએ ભાદરવી પૂનમના માઁ અંબાના દર્શનાર્થે જતાં પદયાત્રીઓ માટે શરૂ કર્યો બનાસ મેડિકલ કેમ્પ**

**બનાસ ડેરીએ સ્થાપિત કર્યો દેશમાં માવા-આધારિત મીઠાઈઓના ઉત્કૃષ્ટ ઉત્પાદનમાં મહત્વની ભૂમિકા ભજવતો દેશનો સૌથી મોટો ઓટોમેટિક માવા પ્લાન્ટ.**



# થરાદમાં દેશની પ્રથમ સોઈલ ટેસ્ટિંગ લેબોરેટરીનું નિર્માણ

## બનાસ ડેરી દ્વારા નિર્મિત અતિઆધુનિક સોઈલ ટેસ્ટિંગ લેબોરેટરીનું ચેરમેન શ્રી શંકરભાઈનાં વરદ્હસ્તે લોકાર્પણ કરાયું

- દેશની પ્રથમ સોઇલ ટેસ્ટ લેબોરેટરીનું બનાસકાંઠાના થરાદ તાલુકામાં નિર્માણ.
- બનાસ સોઇલ ટેસ્ટ લેબોરેટરીથી બનાસકાંઠામાં માટીના ધબકારા જીવંત થશે.
- બનાસ ડેરી અને ઈશા ફાઉન્ડેશન સાથે મળી બનાસની ધરાને જીવંત બનાવશે.
- ખેડૂતો નજીવા દરે માટીનું ટેસ્ટીંગ કરાવી તેના હેલ્થ વિ વિગતવાર માહિતી મેળવી શકશે.





બનાસ ડેરી અને ઈશા ફાઉન્ડેશન સાથે મળી પશુપાલક, ખેડૂતો અને ભાવિ પેઢીના ભવિષ્યને સુરક્ષિત બનાવવાનાં, બનાસકાંઠાની ધરતીના ધબકારને જીવંત કરવાનાં ઉદેશ્ય સાથે થરાદ ખાતે નવનિર્મિત દેશની પ્રથમ સોઇલ ટેસ્ટ લેબોરેટરી-બનાસ સોઇલ ટેસ્ટિંગ લેબોરેટરી (BSTL)નું લોકાર્પણ ચેરમેન શ્રી શંકરભાઈનાં વરદ્હસ્તે કરવામાં આવ્યું તેમજ બનાસ સોઇલ ટેસ્ટિંગ લેબોરેટરી જિલ્લાના ખેડૂતો માટે કેવી રીતે આશીર્વાદરૂપ સાબિત થશે તે સંદર્ભે જણાવ્યું હતું. સોઇલ ટેસ્ટ માટેની વૈશ્વિક સ્તરની આધુનિક લેબ છે, જેમાં જમીનની જૈવિક પાસાઓની તપાસ થશે, માટીના સૂક્ષ્મ જીવાણુઓનો અભ્યાસ થશે, ટકાઉ માટી વ્યવસ્થાપન માટે નવો માપદંડ સ્થાપિત થશે અને ખેડૂતોને સોઈલ હેલ્થ રિપોર્ટ મળશે.



બનાસ ડેરીનાં ચેરમેન શ્રી શંકરભાઈની અધ્યક્ષતામાં અને ઈશા ફાઉન્ડેશનના મુખ્ય કાર્યકરોની વિશેષ ઉપસ્થિતિમાં થરાદ ખાતે આયોજિત બનાસ ડેરીનાં વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ સમારોહમાં નવનિર્મિત બનાસ સોઇલ ટેસ્ટિંગ લેબોરેટરી (BSTL), બનાસ સેવ સોઇલ ફાર્મર પ્રોડ્યુસર કંપની (BSSFPC) અને બનાસ બાયોફર્ટિલાઇઝર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ લેબોરેટરી (BBRDL) નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.



**બનાસ ડેરીનું વધુ એક ક્રાંતિકારી કદમ એટલે બનાસ બાયો ફર્ટિલાઈઝર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ લેબોરેટરી.**
**આ લેબોરેટરી થકી જમીનની ફળદ્રુપતા અને તેને લગતા આનુષાંગિક વિષયો પર કામગીરી કરી ખેડૂતોની આવક વધારવા માટે કારગર સાબિત થશે.**

**જ્યારે ખેડૂત સમૃદ્ધ થાય, ત્યારે દેશ સશક્ત થાય છે. બનાસ ડેરી અને ઈશા ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે જિલ્લાના ખેડૂતોના જીવનમાં પાયાના સ્તરે પરિવર્તન લાવવા ભારતની સૌ પ્રથમ ફાર્મર પ્રોડ્યુસર કંપનીની સ્થાપના કરવામાં આવી. આ કંપની ખેડૂતોની જમીનની જૈવિક શક્તિમાં વધારો કરવા વધારવા વિવિધ પ્રકારના આયામો હાથ ધરશે.**

**પશુપાલન સાથે સાથે કૃષિલક્ષી બાબતોમાં પણ અગ્રેસર બનાસ ડેરી.**
**ખેડૂતોને જમીન ફળદ્રુપ બને અને વધુ ઉપજ મેળવતા થાય તેના માટે જમીન પરીક્ષણ જરૂરી છે. જેથી સાનુકૂળ પરિસ્થિતિનું નિર્માણ કરી ખેડૂત પગલા લઇ શકે. જેના માટે બનાસ ડેરી દ્વારા જમીન પરીક્ષણ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી.**

પ્રસંગને સંબોધતા ચેરમેન શ્રી શંકરભાઈ એ જણાવ્યું હતું કે વર્ષોથી જોખમી રસાયણોના ઉપયોગને કારણે જમીનની ફળદ્રુપતામાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જેના પરિણામે પાકની ઉત્પાદકતા ઓછી થઈ છે અને જમીનમાં પાણીનું સ્તર પણ ઘટ્યું છે. આ કારણે પાક ઉત્પાદનનો ખર્ચ વધ્યો છે અને ખેડૂતો પર આર્થિક બોજ વધ્યો છે. આ સમસ્યાના ઉકેલ માટે બનાસ ડેરીએ દેશની પ્રથમ સોઇલ ટેસ્ટ લેબોરેટરીનું નિર્માણ કર્યું છે. ઈશા ફાઉન્ડેશનના સ્થાપક પૂજ્ય સદગુરુની બનાસકાંઠા મુલાકાત બાદ બનાસ ડેરીએ માટીને પુનર્જીવિત કરવાની કામગીરી હાથધરી હતી. ઈશા ફાઉન્ડેશનના અનેક વૈજ્ઞાનિકો બનાસના ખેડૂતો માટે તેમજ માટીમાં રહેલી જીવંતતા ફરી કાર્યરત કરવા કામ કરી રહ્યા છે. જિલ્લાના પાંચ ગામ વચ્ચે એક ભૂમિત્ર માટીને જીવંત બનાવવા માટે કામ કરી રહ્યા છે. થરાદમાં બનેલી બનાસ સોઇલ ટેસ્ટિંગ લેબોરેટરી દેશની પ્રથમ માટીની જીવંતતા ચકાસવાની લેબોરેટરી છે. જેમાં માટીમાં રહેલી જીવંતતા જાણી શકાય છે. જે બતાવશે કે ખેડૂતના ખેતરમાં રહેલી માટીમાં પોષકતત્વો કેટલાક પ્રમાણમાં છે.



માટી જીવંત બનશે તો આપણે જે આજે ખોરાક બાદ ન્યુટ્રિશન લેવા પડે છે તેની જરૂર નહી રહે. આજે આપણે આપણાં પૂર્વજોએ આપેલી સંસ્કૃતિ ભૂલ્યા છીએ. જે સંસ્કૃતિ આપણે ફરી અપનાવવી પડશે. બનાસ ડેરી ખેડૂતોને સમજાવી તેમની ખેતીમાં ધીરેધીરે બદલાવ લાવી રહી છે, બનાસકાંઠાની માટીને જીવંત બનાવવા માટે પ્રયત્નો કરી રહી છે. ખેડૂતો વૈજ્ઞાનિક પધ્ધતિ અપનાવશે તો તેનો ફાયદો ખેડૂતોને થશે. થરાદમાં તૈયાર થયેલી સોઇલ ટેસ્ટ લેબોરેટરીના રિપોર્ટના આધારે બનાસ ડેરી ખેડૂતોને માટીની જીવંતતા વધારવા માટે સલાહ આપે છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના સમન્વય થકી માટીને જીવંત બનાવવા બનાસ સોઇલ ટેસ્ટિંગ લેબોરેટરી પ્રયત્નશીલ છે.

પાકના ઉત્પાદન માટે માટીનું સ્વાસ્થ્ય અને તેની ફળદ્રુપતા મહત્વપૂર્ણ છે. માટીનું સ્વાસ્થ્ય જાળવવા માટે તેની ચકાસણી કરવી જરૂરી છે. સોઇલ ટેસ્ટ લેબોરેટરી દ્વારા માટીનું વિશ્લેષણ કરવામાં આવશે, જેનાથી માટીમાં કયા તત્વો કેટલા પ્રમાણમાં હાજર છે અને ક્યા પાક માટે કેટલા પ્રમાણમાં આપવાં જરૂરી છે તે જાણી શકાશે. બનાસ ડેરી દ્વારા આ લેબોરેટરીનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં ઈશા ફાઉન્ડેશનના અનેક વૈજ્ઞાનિકો ખેડૂતોની માટીનાં હેલ્થની તપાસણી કરીને તેને શ્રેષ્ઠ બનાવવા માટેનું કાર્ય કરશે.








“

## બનાસ સોઈલ ટેસ્ટિંગ લેબોરેટરી શું છે.

”

બનાસ સોઇલ ટેસ્ટિંગ લેબોરેટરી માટીની હેલ્થની ચકાસણી કરવા માટેની દેશની પ્રથમ પ્રયોગશાળા છે, જેની મદદથી ખેડૂતો જાણી શકશે કે તેમની માટીમાં કયા પોષક તત્વોની જરૂર છે, માટીને પુનર્જીવિત કરવા અને લાભદાયી બનાવવા શું કરવું જોઈએ. આ બનાસ સોઇલ ટેસ્ટિંગ લેબોરેટરીમાં ખેડૂતોને માટીની તંદુરસ્તી, પોષકતત્ત્વો, જમીનમાં ભેજનું સ્તર, ગુણવત્તા અને જમીનની નબળાઈઓને સુધારવાની રીતો વિશે માહિતગાર કરવામાં આવશે.

બનાસ ડેરીનાં વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ સમારોહમાં બનાસ ડેરીના વાઈસ ચેરમેનશ્રી ભાવભાઈ દેસાઇ, બનાસ સંઘના ડિરેક્ટરશ્રીઓ, બનાસ ડેરીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી સંગ્રામ ચૌધરી, એકઝ્યુકેટીવ ડાયરેક્ટર બ્રિગેડીયર વિનોદ બાજીયા, ઈશા ફાઉન્ડેશનના વૈજ્ઞાનિકો સહીત મુખ્ય કાર્યકરો, ખેડૂતો, પશુપાલકો અને થરાદવાસીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# "ઓર્ગેનિક ખેતી: ખેડૂતની સફળતા, ધરતીની તંદુરસ્તી!"

## સેવ સોઈલ અભિયાન (માટી બચાવો) થકી મળેલ ફળદાયી પરિણામ

મારું નામ ચૌધરી અમૃતભાઈ હરશેગભાઈ છે, અને હું થરાદ તાલુકાના નાનીપાવડ ગામનો રહેવાસી છું. હું ઘણા વર્ષોથી ખેતી કરું છું, પરંતુ ઓર્ગેનિક ખેતી કરવા બનાસ ડેરીએ પ્રેરણા પુરી પાડી. શરૂઆતમાં મનમાં થતું હતું કે ઓર્ગેનિક ખેતીથી ખરેખર ફાયદો થશે ખરો? બનાસ ડેરી અને સેવ સોઈલના સહયોગથી ઓર્ગેનિક રીતે મગફળીની ખેતી કેવી રીતે કરવી તે માટે વિશેષ તાલીમ મળી. આ તાલીમ ખૂબ જ ઉપયોગી સાબિત થઈ.

મારે ૨ એકર જમીનમાં ઓર્ગેનિક પદ્ધતિથી ખેતી કરવી હતી, માટે મેં કોઈપણ પ્રકારના રસાયણ, દવા કે બનાવટી ખાતર વિના ૮૦ કિલો મગફળી વાવવા માટે મેં તૈયારીઓ શરૂ કરી. શરુઆતમાં મનમાં થોડો સંકોચ હતો કે રસાયણ વિનાની ખેતીમાં મગફળી યોગ્ય રીતે ઉગશે કે નહીં, પરંતુ મગફળી વાવ્યા પછી મને જે પરિણામો મળ્યા, તેનાથી મનમાં રહેલો ડર દુર થઇ ગયો. આ નવી પદ્ધતિ વધુ પ્રાકૃતિક અને કુદરતને સાચવે છે.



બનાસ ડેરી અને સેવ સોઇલ દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકા મારા માટે એક માર્ગદર્શક પ્રકાશ તરીકે સાબિત થઈ. આ માર્ગદર્શિકા મુજબ, મેં ખેતીના વિવિધ તબક્કાઓમાં યોગ્ય પદ્ધતિઓ અપનાવી, જેનાથી મારા ખેતરમાં થયેલા ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થયો. સચોટ અને કાળજીપૂર્વક આપેલી આ માર્ગદર્શિકાની મદદથી મગફળીનું ઉત્પાદન વધારે થયું છે, અને વાવેતર બાદ પાકની વૃદ્ધિ પણ અદ્ભુત થઈ રહી છે.

આ જ્ઞાન અને માર્ગદર્શનથી જે પરિણામો પ્રાપ્ત થઈ રહ્યાં છે, તેનાથી હું ખૂબ જ ખુશ છું. મગફળીના છોડ ખૂબ સારા પ્રમાણમાં ઉગ્યા છે અને તેમનો વિકાસ પણ સારી રીતે થઇ રહ્યો છે. આ સફળતાને કારણે નાનીપાવડ ગામના અને પાડોશના મોટી પાવડ ગામના ઘણા ખેડૂતોને આ નવી પદ્ધતિ વિશે માહિતગાર થવાનો મોકો મળ્યો. તેમણે મારા ખેતરમાં આવીને મગફળીની ઓર્ગેનિક ખેતી કેવી રીતે થાય છે તેની સમીક્ષા કરી અને શીખ્યું.

આ રીતે, બનાસ ડેરી અને સેવ સોઇલ તરફથી ઓર્ગેનિક ખેતી સંબંધિત મળેલ માર્ગદર્શનની મદદથી ઓર્ગેનિક ખેતી તરફ ખેડૂત સમુદાયના લોકોનો પણ અભિગમ બદલાયો છે. આ તકથી મને ખૂબ ગર્વ છે કે હું મારો નાનો ફાળો પ્રકૃતિને બચાવવા માટે આપી રહ્યો છું તેમજ ખાતર અને રસાયણનો ઉપયોગ ટાળીને સ્વસ્થ જમીન અને સ્વસ્થ પાક પેદા કરું છું. હું હૃદયપૂર્વક બનાસ ડેરી અને સેવ સોઇલ અભિયાનનો આભાર માનું છું, જેમણે મને આ નવી દિશામાં માર્ગદર્શન પૂરું પાડ્યું.





# માઈભક્તોની સેવામાં બનાસ ડેરી

## ભાદરવી પૂનમના માઁ અંબાના દર્શનાર્થે જતાં પદયાત્રીઓ માટે બનાસ ડેરીએ શરૂ કર્યો બનાસ મેડિકલ કેમ્પ

બનાસ ડેરી અને બનાસ મેડિકલ કોલેજ તેમજ જનરલ હોસ્પિટલ, પાલનપુર દ્વારા પદયાત્રીઓની આરોગ્ય સેવા માટે અતિઆધુનિક સુવિધાઓ સાથે સજ્જ બનાસ ડેરીના શીત કેન્દ્ર, દાંતા ખાતે નિર્મિત 'બનાસ મેડિકલ સેવા કેમ્પ 2024' નું ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું.  ભાદરવી પૂનમના અવસરે માઁ અંબાના દર્શનાર્થે જતા ભાવિક ભક્તો પોતાની પદયાત્રા દરમિયાન આરોગ્ય સારવાર મેળવીને સુરક્ષિત અને સ્વસ્થ રીતે પોતાના ઘરે પરત ફરે એવા ઉદેશ્ય સાથે આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મેડિકલ તેમજ આરામ કરવા માટેની ઉત્તમ સુવિધાઓ ઉપલબ્ધ કરાઈને પદયાત્રીઓનાં સ્વાસ્થ્યની કાળાજી રાખવામાં આવી હતી.

શક્તિ, ભક્તિ અને અપાર શ્રદ્ધા સાથે ગુજરાતના ખૂણે ખૂણેથી માઈભક્તો અને સંઘો હાથમાં ધજા, ત્રિશૂળ, ચૂંદડી સાથે અંબાજી તરફ પ્રયાણ કરી રહ્યા છે. અંબાજીના માર્ગો અને અરવલ્લીની ગિરિમાળાઓ જય અંબેના નાદથી ગુંજી રહી છે. પ્રકૃતિના રમણીય વાતાવરણમાં આનંદ, ઉલ્લાસ અને હર્ષ સાથે નાચતા ગાતા માઈભક્તો ભાદરવી પૂનમના માઁ અંબાના દર્શન કરવા જઈ રહ્યા છે ત્યારે આ ભાવિક ભક્તો, પદયાત્રીઓને પગપાળા યાત્રા દરમિયાન જમવાના, નાસ્તાના અને આરામ કરવા માટેના અનેક કેમ્પ મળી રહે છે, પરંતુ મેડિકલ સારવાર પૂરી પાડતા કેમ્પ જોવા મળતા નથી. હકીકતમાં, પદયાત્રાઓ માટે મેડિકલ કેમ્પની અત્યંત જરૂરિયાત છે. પદયાત્રીઓ શારીરિક રીતે થાકી જતા અનેક આરોગ્ય સંબંધિત સારવારની જરૂર પડતી હોય છે. એટલા માટે માઁ અંબાના દર્શનાર્થે જતા બધા ભાવિક ભક્તો, પદયાત્રીઓ સુરક્ષિત અને સ્વસ્થ રીતે પોતાના ઘરે પરત પહોંચે અને પરિવારને આનંદ સાથે મળે, તે માટે બનાસ મેડિકલ સેવા કેમ્પ દિવસ રાત પદયાત્રીઓની સેવામાં કાર્યરત રહ્યો હતો. બનાસ મેડિકલ કોલેજ અને બનાસ ડેરી દ્વારા શક્તિ, ભક્તિ અને સેવાનો ત્રિવેણી સંગમ થાય તે રીતે આયોજન કરાયું છે.



**ભાવિકભક્તોનાં આરોગ્યની ચિંતા કરી બનાસ મેડિકલ કેમ્પ શરૂ કરાયો**

**કેમ્પમાં ફિઝિયોથેરાપી, ઓ.પી. ડી, ઓર્થોપેડીક સર્જન, ઓક્સિજન સુધીની સુવિધાઓ ઉપલબ્ધ**

**શક્તિ, ભક્તિ અને સેવાનો ત્રિવેણી સંગમ થાય તે રીતે તેનું આયોજન કરાયું**



અંબાજીની યાત્રા દરમિયાન જો કોઈ પદયાત્રી શારીરિક થાક અનુભવે કે દુખાવો થાય તો તેના માટે  ફેઝિયોથેરાપી, કોઈ વ્યક્તિ બીમાર થાય તો તેના માટે તમામ પ્રકારની દવા, શૌચાલયની વ્યવસ્થા, પગના દુખાવા માટે ગરમ પાણી અને માલીશ, થાક અનુભવતા ભક્તો માટે મોટા પ્રમાણમાં ખાટલાની વ્યસ્થા સાથે આરામ કક્ષ બનાવાયો છે અને જો કોઈને શ્વાસમાં તકલીફ પડે તો તેના માટે ઓક્સિજનની સુવિધા તેમજ કોઈપણ ઇમર્જન્સી સર્જાય તો માણસને બચાવી શકાય એવી વ્યવસ્થા સાથે ડોક્ટર્સની ૨૪ કલાક ઉપસ્થિતિમાં શ્રેષ્ઠ રીતે સેવા પુરી પાડવાનું આયોજન બનાસ ડેરીએ આ કેમ્પમાં કર્યું છે. આ મેડિકલ કેમ્પમાં ફિઝિયોથેરાપી, ઓ.પી. ડી, મેડિસન ઓ.પી.ડી, ફિઝીસીયન ઓ.પી. ડીની સુવિધાઓ સાથે સાથે ઓર્થોપેડીક સર્જનની સેવાઓ ઉપલબ્ધ છે. પદયાત્રીઓને પગમાં માલિશ કરી આપવામાં આવે છે, છોલાયું હોય તો ડ્રેસિંગ કરી અપાય છે. બી.પી ચેક કરાય છે, પાટા પીંડી કરવામાં આવે છે. પદયાત્રીઓને આરોગ્ય સબંધિત તમામ સુવિધા વ્યવસ્થા પૂરી પાડવામાં આવતી હતી.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે ભક્તોની સેવામાં રાજ્યનું વહીવટી તંત્ર અને સેવાભાવી સંસ્થાઓ કામે લાગી છે. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં વહીવટી તંત્ર દ્વારા ખાસ વ્યવસ્થાઓ અને તૈયારીઓ મેળા માટે કરવામાં આવી છે. જે બદલ હું મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનો પણ આભાર વ્યક્ત કરૂ છું. રાજ્ય તેમજ બનાસના દરેક નાગરિક પર માં અંબાના આશીર્વાદ મળી રહે તેવી પ્રાર્થના કરૂ છું. બનાસ મેડિકલ કેમ્પના માધ્યમથી માઈભક્તોની સેવા કરવી એ માઁ અંબાની પૂજા અર્ચના કરવા સમાન છે. આ સેવા ન માત્ર બનાસ ડેરી કે બનાસ મેડિકલ કોલેજ કરી રહ્યા છે, આ સેવા સાથે લાખો પશુપાલક પરિવારો જોડાયેલા છે, જે બનાસ ડેરી પરિવારનો હિસ્સો છે.

આ મેડીકલ કેમ્પના ઉદ્ઘાટન પ્રસંગે બનાસ મેડીકલ કોલેજના પ્રમુખશ્રી પી. જે. ચૌધરી, બનાસ ડેરીના વાઈસ ચેરમેનશ્રી ભાવાભાઈ રબારી, બનાસ ડેરીના મેનેજીંગ ડિરેક્ટરશ્રી સંગ્રામ ચૌધરી, એકઝ્યુકેટીવ ડિરેક્ટર બ્રિગેડિયર વિનોદ બાજીયા સહીત બનાસ ડેરીનું નિયામક મંડળ તેમજ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

બનાસ મેડિકલ કેમ્પના શુભારંભ પ્રસંગે ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીએ ભાવિક ભક્તોને સંબોધતા જણાવ્યું હતું કે જ્યારથી આપણી બનાસ મેડિકલ કોલેજ શરુ થઇ છે ત્યારથી અંબાજી જતા યાત્રાળુઓ માટે મેડિકલ કેમ્પ શરુ કરવામાં આવે છે. આ યાત્રાળુઓ માટે ઘણા બધા સેવાભાવી લોકો દ્વારા જમવા અને નાસ્તા માટેના કેમ્પનું આયોજન તો કરવામાં આવે છે, પરંતુ આ યાત્રા દરમિયાન જયારે કોઈ ભક્તને તાવ આવે, બી.પી વધ ઘટ થાય, થાક લાગે, ઓક્સિજનની તકલીફ સર્જાય ત્યારે તે ભક્તને પાછા ઘરે જવું પડતું હોય છે અથવા તો તાત્કાલિક સારવારની જરૂર પડતી હોય છે, તે પરિસ્થિતિમાં આ ભાવિક ભક્તોને તંદુરસ્તી સાથે માઁ અંબાના દર્શન કરી સહી સલામત પોતાના ઘરે પાછા ફરે એ ઉમદા અભિગમ સાથે બનાસ ડેરી દ્વારા બનાસ મેડિકલ સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.  વધુમાં તેમણે જણાવ્યું હતું કે જો માણસનો સ્વભાવ સેવાનો બની જાય તો તે પરોપકાર માટે જીવતો થાય છે અને જે પરોપકાર માટે જીવે છે, તે ઈશ્વર અને પ્રકૃતિની નજીક હોય છે. સેવાના સંસ્કારોનું સિંચન જીવનમાં કરવું જોઈએ, જેના થકી બીજાના ભલા માટે જીવવાની પ્રેરણા અને શક્તિ મળે.







## "જો માણસનો સ્વભાવ સેવાનો બની જાય તો તે પરોપકાર માટે જીવતો થાય છે અને જે પરોપકાર માટે જીવે છે, તે ઈશ્વર અને પ્રકૃતિની નજીક હોય છે."

### શ્રી શંકરભાઈ (ચેરમેન,બનાસ ડેરી)







ભાદરવી પુનમના મેળામાં માં અંબાના દર્શનાર્થે જતા પદયાત્રીઓ માટે આયોજિત બનાસ મેડિકલ કેમ્પના શુભારંભ પ્રસંગે ચેરમેન શ્રી શંકરભાઈએ માઇભકતોને આરોગ્ય સુવિધા જેવી કે પગ માલીશ, બોડી માલીશ કરી આપી તેમજ પ્રસાદરૂપે ભક્તોમાં ચા-નાસ્તો પીરસ્યો હતો. એક સામાન્ય માણસ તરીકે ગુજરાતના ખૂણે ખૂણેથી આવતા ભક્તોની સેવા કરીને ચેરમેનશ્રી એ આપણી સમક્ષ "માનવસેવા એ જ સર્વોત્તમ સેવા" નો ઉત્તમ દાખલો બેસાડ્યો છે. સેવા એ સાચી પૂજા છે, જે મનુષ્યને મહાન બનાવે છે. સેવામાં જ જીવનનો સાર રહેલો છે.





# પારદર્શકતાનું ઉત્તમ ઉદાહરણ

બનાસ ડેરીની ૫૭મી વાર્ષિક સાધારણ સભાનું આયોજન ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં અને પશુપાલકોની ઉપસ્થિતિમાં બનાસ સંકુલ, સણાદર (દિયોદર) ખાતે કરવામાં આવ્યું હતું. આ સભામાં ૧૯૫૨ કરોડ રૂપિયાના ભાવફેર વધારાની જાહેરાત કરવામાં આવી, જે પશુપાલકોને આપવામાં આવશે. આ જાહેર કરાયેલો ભાવફેર બનાસ ડેરી દ્વારા વિતરણ કરવામાં આવી રહ્યો છે.

આ ભાવફેરની વ્યવસ્થા પારદર્શક બને અને મહેનતના પૈસા સીધા પશુપાલકોને મળે તે માટે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ દરેક દૂધ ઉત્પાદકને પત્ર લખીને તેમને મળનારા ભાવફેરની માહિતીથી માહિતગાર કર્યા છે. ચેરમેનશ્રીએ પોતાના પત્રમાં બનાસ ડેરી દ્વારા જાહેર કરવામાં આવેલી ઐતિહાસિક ભાવફેરની રકમ તેમજ દૂધ ઉત્પાદકના ગામની દૂધ મંડળીના ભાવફેરની વિગતો રજૂ કરી છે, જેથી દરેક દૂધ ઉત્પાદકને મળનારી રકમ અંગે સ્પષ્ટ માહિતી મળી રહે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રઢ વિશ્વાસ મુજબ, પારદર્શિતા અને જવાબદારી એ પ્રજાલક્ષી સરકારની બે મુખ્ય આધારશીલા છે. આ વિચારથી પ્રેરિત થઈને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી પણ માને છે કે પારદર્શિતા અને જવાબદારી લોકોને સંસ્થાઓ સાથે વધુ ગાઢ રીતે જોડે છે, અને તેને આ પ્રક્રિયામાં સમાન હિસ્સો આપવા માટે સક્ષમ બનાવે છે.



પશુપાલકોને પત્રો લખીને પારદર્શક વ્યવહાર શરૂ કરવાનો અનોખો પ્રયાસ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ વિતેલા ૯ વર્ષના કાર્યકાળ દરમિયાન પારદર્શક વહીવટ તંત્ર પ્રત્યે તેમની મજબૂત પ્રતિબદ્ધતા દર્શાવે છે. સંઘના નિર્ણયો, નીતિઓ અને નિયમો કોઈ ઓફિસમાં નહીં, પરંતુ લોકોની વચ્ચે રહીને ઘડવામાં આવે છે. નીતિઓના ડ્રાફ્ટ અંગે લોકોને અવગત કરવા અને તેમનો પ્રતિસાદ મેળવવા માટે, તેઓ પશુપાલકો સાથે દૂધ દિવસ અને સાધારણ સભાઓનું આયોજન કરે છે. તેની સાથે, વિકાસના લાભો વિલંબ વિના સીધા પશુપાલકો સુધી પહોંચે, તે સુનિશ્ચિત કરવા માટે ભાવફેર પત્ર લખવાની પહેલ પણ કરવામાં આવી છે. પારદર્શિતા પ્રત્યેનો એમનો મક્કમ નિર્ધાર અને તે પ્રતિબદ્ધતાને વાસ્તવિક કાર્યમાં ઉતારવાની તેમની રીત, બનાસકાંઠાનાં પશુપાલકો માટે એક પારદર્શક અને પ્રજા-કેન્દ્રિત યુગની શરૂઆતની નિશાની છે.





# રાસાયણિક ખાતરના હાનિકારક પરિણામો

**રાસાયણિકોનો ઉપયોગ ખેતીમાં પાકની વૃદ્ધિ, જંતુઓ પર નિયંત્રણ, અને જીવાણુઓને નાબૂદ કરવા માટે થાય છે, પરંતુ તેઓ લાંબા ગાળે પાક અને પર્યાવરણને નુકસાન પહોંચાડી શકે છે.**

**માટીનું દુષણ**
કેમિકલ દવાઓ માટીમાં ભળી જાય છે, જેનાથી માટીનું કુદરતી પોષકતત્વ બગડે છે અને માટીની ઉપજ ક્ષમતા ઘટે છે.

**પાકની ગુણવત્તામાં ઘટાડો**
રાસાયણિકોનો વધુ પડતો ઉપયોગ પાકની ગુણવત્તા ઉપર ખરાબ અસર કરે છે. આના કારણે પાકના પોષક તત્વો ઘટે છે અને તેમાં નુકશાનકારક દ્રવ્યનો સમાવેશ થાય છે, જે સજીવ સૃષ્ટિ માટે હાનિકારક છે.

**જંતુઓની પ્રતિકારકતા**
લાંબા સમય સુધી જંતુનાશકોનો ઉપયોગ કરવાથી કેટલાક જંતુઓમાં પ્રતિકારક ક્ષમતા વિકસે છે. આ કારણસર વધુ શક્તિશાળી અને ઝેરી રાસાયણિકોનો ઉપયોગ કરવાની જરૂર પડી શકે છે.

**જમીન અને પાણીનો ખારાશ**
કેમિકલ ખાતરો, ખાસ કરીને નાઈટ્રિટ અને ફોસ્ફેટ્સ, જમીન અને પાણીના સ્ત્રોતોમાં મળીને ખારાશ પેદા કરે છે, જે પાક અને  પાણીની ગુણવત્તાને હાનિ પહોંચાડે છે.

**જીવજીવાં પર ખરાબ અસર**
પોલિનેટિંગ જીવ, જેમ કે મધમાખી અને ફૂદીનાં સંખ્યા પર પણ જંતુનાશકોની અસર થાય છે, જે એગ્રિકલ્ચરલ ઈકોસિસ્ટમ માટે મહત્વપૂર્ણ છે.

**પર્યાવરણ અને જૈવ વિવિધતામાં ઘટાડો**
રાસાયણિકોની અસર ફક્ત ખેતીમાં જ નહીં, પરંતુ પર્યાવરણમાં પણ જોવા મળે છે. પાણીના પ્રવાહોમાં જંતુનાશકો જતાં સમુદ્રી પ્રાણીઓ અને ઋજુકૃમી જેવા મહત્ત્વના સજીવો પર હાનિકારક અસર કરે છે.

**માનવ આરોગ્ય પર અસર**
રાસાયણિકો સાથેનો સીધો સંપર્ક અથવા કેમિકલ અવશેષવાળા ખોરાકનું સેવન લાંબા ગાળે માનવ સ્વાસ્થ્ય માટે જોખમકારક હોય છે. તેનાથી કેન્સર, ત્વચા રોગો અને અન્ય આરોગ્ય સમસ્યાઓ ઊભી થઈ શકે છે.







**સંગ્રહ્ય અને સ્થિર ખેતી પદ્ધતિઓ અપનાવવી, જેમ કે જૈવિક ખેતી, જમીન અને પાકને રાસાયણિક નુકસાનથી બચાવવાનો એક માર્ગ છે.**



# સંજીવની ખાતર: પ્રાકૃતિક ખાતરનાં હકારાત્મક પરિણામો

**પ્રાકૃતિક ખેતી એ રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો ઉપયોગ કર્યા વિના કુદરતી પદ્ધતિઓનો ઉપયોગ કરીને ખેતી કરવાની રીત છે. આ પદ્ધતિ માનવ આરોગ્ય, પર્યાવરણ, અને જમીનની પ્રાકૃતિક ક્ષમતા જાળવવા માટે ખૂબ ફાયદાકારક છે. અહીં કેટલાક મુખ્ય ફાયદા છે:**







**નિષ્કર્ષમાં, પ્રાકૃતિક ખેતી માત્ર જમીન અને પર્યાવરણ માટે જ નહીં, પરંતુ માનવ આરોગ્ય અને આર્થિક બચત માટે પણ ખૂબ ફાયદાકારક છે.**

**માટીનું સ્વાસ્થ્ય સુધારે છે**
પ્રાકૃતિક ખેતીમાં કુદરતી ખાતર, કંપોસ્ટ અને લીલા ખાતરનો ઉપયોગ થાય છે, જે જમીનના કાર્બન સ્તર અને સુક્ષ્મજીવોની જાળવણીમાં મદદ કરે છે. માટીનું કુદરતી પોષણ જળવાય છે, અને તે લાંબા ગાળે વધુ ફળદ્રુપ બને છે.

**પર્યાવરણની રક્ષા**
પ્રાકૃતિક ખેતી રાસાયણિક પદાર્થોના ઉપયોગ વિના થાય છે, જે જમીન, પાણી અને હવાની ગુણવત્તામાં સુધારો કરે છે. પ્રાકૃતિક ખેતી પદ્ધતિઓમાં જમીનની ભેજ જાળવવાની ક્ષમતા વધુ હોય છે, જે જમીનને સ્વાભાવિક રીતે ભેજમય રાખવામાં સહાય કરે છે.

**પાકની ગુણવત્તા વધારે છે**
પ્રાકૃતિક ખેતીમાં હળવી અને પોષકવાળી ઉપજ થાય છે, જેનો પોષણમૂલ્ય રાસાયણિક ખાતરો વડે ઉગાડેલા પાક કરતા વધારે હોય છે. તેનાં ખોરાકમાં વિટામિન, ખનિજ તત્ત્વો અને પ્રાકૃતિક એન્ટી-ઓક્સિડન્ટ્સ વધુ પ્રમાણમાં હોય છે, જે આરોગ્ય માટે ખૂબ લાભકારી છે.

**લાંબા ગાળે ખર્ચમાં ઘટાડો**
પ્રાકૃતિક ખેતીમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશકો જેવી મોંઘી વસ્તુઓનો ઉપયોગ ન હોવાથી ખેડૂતો માટે આર્થિક રીતે સસ્તી રહે છે. એકવાર પદ્ધતિ યોગ્ય રીતે અપનાવાય પછી જમીન વધુ સ્વસ્થ બને છે, અને પાકની ઊપજ લાંબા ગાળે સ્થિર રહે છે.

**મનુષ્ય આરોગ્યને રક્ષણ**
પ્રાકૃતિક ખેતીમાં ઉગાડેલ ખોરાકમાં કોઈ પણ હાનિકારક કેમિકલ્સ, ઝેરી પદાર્થો કે જંતુનાશક દવાઓના અવશેષો રહેતા નથી. આથી માનવ આરોગ્ય માટે તે વધુ સુરક્ષિત અને લાભદાયક છે.

**ટકાઉ ખેતી**
પ્રાકૃતિક ખેતી પ્રકૃતિના પ્રાકૃતિક ચક્રો અને માળખા પર આધારિત હોવાથી તે લાંબા ગાળે વધુ સ્થિર છે. આ પદ્ધતિ જમીનની કુદરતી ઉર્જાને ફરીથી ભરવા માટે કામ કરે છે, જેના કારણે જમીન નબળી થવાની તકો ઘટી જાય છે.

**પશુપાલન અને ખેતીનો જોડાણ**
પ્રાકૃતિક ખેતીમાં પશુપાલન અને ખેતીનો જૈવિક સમન્વય થાય છે, જેમાં ગાયનું ગોબર, ઘાસ, ખાતર અને અન્ય કૃષિ અવશેષો વપરાઈ જમીન અને પાક માટે પોષક તત્ત્વો પુરા કરવામાં આવે છે.

# સુર્ય ગુજરાત યોજના' સાથે જોડાઈને કરો હજારો રૂપિયાની બચત



ગુજરાત હંમેશા નવા અને નવીન વિચારોને સહર્ષ સ્વીકારતું રહ્યું છે અને રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે પણ એ જ પ્રવૃત્તિ નજરે પડે છે. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ, રાજ્ય સૂર્ય ઊર્જાના ક્ષેત્રમાં પણ અગ્ર હરોળમાં સ્થાન ધરાવે છે. રહેણાંક ક્ષેત્રમાં સોલાર રૂફટોપને વધુ પ્રોત્સાહન આપવા માટે, ગુજરાત સરકારે ૫ ઓગસ્ટ ૨૦૧૯ ના રોજ 'સૂર્ય-ગુજરાત યોજના'ની ઘોષણા કરી હતી. આ યોજનાનું ઉદ્દેશ્ય એ છે કે દરેક ગુજરાતી પરિવાર પોતાના ઘરોમાં સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરે અને પર્યાવરણના સંરક્ષણમાં સહભાગી બને. સરકાર આ યોજનાને પ્રોત્સાહન આપવા માટે વિશેષ સબસીડી પણ પ્રદાન કરે છે, જેથી વધુ લોકોને આ દિશામાં આગળ વધે.

જે અંતર્ગત બનાસડેરીના દીર્ઘ દ્રષ્ટા નિયામક મંડળ દ્વારા સંઘ સાથે જોડાયેલ દૂધ મંડળીના દૂધ ઉત્પાદકો માટે બનાસડેરી ધ્વારા “સૂર્ય ગુજરાત” યોજનામાં જોડાવા માંગતા લાભાર્થીઓને જરૂરિયાત મુજબ સંઘ દ્વારા મંડળી મારફતે લોન આપવાનું નક્કી કરેલ છે. જે માટે સંઘ ધ્વારા દૂધ ઉત્પાદકો સોલર રૂફટોપ લગાવવા માંગતા હોય તેમને સોલાર રૂફટોપના કુલ બિલના (સબસીડી બાદના) ૮૦% અથવા વાર્ષિક દૂધ ભરાવેલ હોય તેના ૨૦% (બંને માંથી જે ઓછું હોય) તેટલી રકમની લોન નીચેના નિયમોનુસાર મંડળી મારફતે સંઘમાંથી આપવામાં આવશે.

“

**બનાસ સોલાર રૂફટોપ લોન યોજના (સભાસદ માટેના નિયમો)**

”

· દૂધ ઉત્પાદકોએ સોલાર રૂફ ટોપ યોજનામાં ગુજરાત સરકાર ધ્વારા વખતોવખત બહાર પડતી જાહેરાતના અનુસંધાને જે તે સરકાર માન્ય એજન્સી જોડે ઓનલાઇન અરજી તથા રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે તથા સોલાર રૂફ ટોપ પ્લાન્ટ લગાવ્યા બાદ નિયત નમૂનામાં સંઘ લોન મેળવવાની અરજી મંડળી મારફતે કરવાની રહેશે.

દૂધ ઉત્પાદકોને સોલર રૂફટોપ લગાવેલ હોય તેમને તેના કુલ બિલના (સબસીડી બાદના) ૮૦% અથવા વાર્ષિક દૂધ ભરાવેલ હોય તેના ૨૦% (બંને માંથી જે ઓછું હોય) તેટલી રકમની લોન સંઘમાંથી મળવાપાત્ર રહેશે.

સોલર રૂફટોપ પ્લાન્ટ લગાડવાથી નાગરિકોને અનેક લાભ મળશે, જેમાં વીજળીના બિલમાં ઘટાડો, પર્યાવરણીય લાભો, ઊર્જા સ્વતંત્રતા. સોલાર પ્લાન્ટની ઓછામાં ઓછી જાળવણી, વીજળીની બચત, તેમજ રોજગારીની નવી તકો ઉભી થશે.સોલાર રૂફ ટોપ પ્લાન્ટ પરંપરાગત ઉર્જા સ્ત્રોતનું પણ સંરક્ષણ કરે છે. સોલાર રૂફ ટોપ પ્લાન્ટ એ નવા ઉદ્યમીઓ માટે સ્ટાર્ટઅપની નવી તક છે.

· જે દૂધ ઉત્પાદક સતત ત્રણ વર્ષથી રોજનું સરેરાશ ૧૫ લિટર કે તેથી વધુ દૂધ ભરાવતો હોય અને તેમના ઘરનું લાઈટ બિલ વાર્ષિક રૂ.૧૦,૦૦૦/- થી વધુ આવતું હોય તેવા દૂધ ગ્રાહક મંડળી મારફતે સંઘ લોનનો લાભ મેળવવા હકદાર રહેશે.

સોલાર રૂફટોપ લોન સંઘ ધ્વારા મેળવવા માટે દૂધ ઉત્પાદકે મંડળી મારફતે નિયત નમૂનામાં જણાવેલ જરૂરી દસ્તાવેજો સાથે અરજી કરવાની રહેશે તથા દૂધ ઉત્પાદકે રૂ.300/- ના સ્ટેમ્પ પેપર ઉપર તેની જામીનગીરી દૂધ મંડળીને આપવાની રહેશે.

દૂધ ઉત્પાદકોએ મંડળી મારફતે લીધેલ લોનની વસુલાત સંઘ દૂધ મંડળીના દર દુધ બિલમાંથી ૩૬ મહિનામાં (૭૨ હપ્તામાં) કરશે તેમજ સંઘ ધ્વારા વખતોવખત ઠરાવેલ ધારાધોરણો મુજબ લોનની રકમ ઉપર વ્યાજ ગણવામાં આવશે.

સંઘ દૂધ મંડળીના બિલેથી નક્કી કરેલ હપ્તામાં વ્યાજ અને મુદ્દલ સહિતની રકમ દર દૂધબીલે કપાત કરશે અને તે પ્રમાણે મંડળીએ દૂધ ઉત્પાદકો પાસેથી સદર નાણાંની વસૂલાત કરવાની રહેશે તથા દૂધ ઉત્પાદકો વતી રૂ.300/- ના સ્ટેમ્પ પેપર ઉપર લોનની વસુલાત મંડળી દૂધ બિલેથી કરવાનો એક તરફી અધિકાર સંઘને એક વખત આપવાનો રહેશે.

સોલાર રૂફટોપ યોજનાની વધુ માહિતી મેળવવા માટે નીચે જણાવેલ ટોલ ફ્રી નંબર ઉપર ફોન કરી માહિતી મેળવવાની રહેશે.

**૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩ ૩૫ / ૧૯૧૨૧ / www.ugvcl.com / www.geda,gujarat.gov.in**



# બનાસ ડેરીની "ધી ગોલ ગેટર્સ"

## ટીમે બેસ્ટ કાઈઝેન અને ક્વોલિટી સર્કલ સ્પર્ધામાં જીત્યો સિલ્વર એવોર્ડ

વર્ષ ૧૯૯૮માં તમામ દૂધ મંડળીઓ કેન આધારિત હતી, અને તે સમયે બલ્ક કુલર જેવી સુવિધાઓ નહોતી. ત્યારે દૂધ ગ્રાહકો સવારે ૮:30 સુધીમાં દૂધ મંડળીમાં દૂધ પહોંચાડી દેતા. આ સમયગાળામાં, કેન આધારિત દૂધ સંગ્રહ માટે કેન રૂટ નિશ્ચિત હતા, અને દૂધ ટ્રકોએ પહેલી મંડળીથી ૬:00 વાગ્યે દૂધ એકત્ર કરવાનું શરૂ કરીને, ૮:30 સુધીમાં તમામ મંડળીઓમાંથી દૂધ એકત્ર કરી લેવું પડતું. તેથી, દૂધ ગ્રાહકો પણ ૮:30 સુધીમાં તમામ કેન મંડળીઓમાં દૂધ પૂરું પાડતા હતા.

સમયાનુક્રમમાં, દૂધની ગુણવત્તા જાળવવા માટે દૂધ મંડળીઓમાં બલ્ક કુલર સ્થાપિત કરવામાં આવ્યા, જેથી દૂધ ઠંડું રહીને તેની ગુણવત્તા જળવાઈ રહે. આ પ્રગતિ સાથે, દૂધ ગ્રાહકોને દૂધ પુરું પાડવાની નવી ટેવ પડી, અને ધીમે ધીમે દૂધ ભરાવવાનો સમય વિલંબિત થતો ગયો, જે ૧૦:30 વાગ્યા સુધી પહોંચ્યો. દૂધ સંઘે દૂધની ગુણવત્તાને ધ્યાનમાં રાખીને આ બદલાવ સ્વીકાર્યો, પણ આ સાથે દૂધ મોડું પહોંચાડવાની ટેવ પણ વધવા લાગી.

તા. ૦૧.૦૧.૨૦૨૪ના રોજ MP/SS ના ઝોનલ અધિકારી, વિસ્તરણ અધિકારી, કાઈઝેન ટીમ અને સુપરવાઈઝર સાથે ચર્ચા કરવામાં આવી, અને નિર્ણય લેવામાં આવ્યો કે જે દૂધ ગ્રાહકો મોડા સુધી દૂધ ભરાવા આવે છે, તેમની આ ટેવમાં સુધારો કરીને તેઓને ૮:30 વાગ્યા પહેલા દૂધ ભરાવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે.

પ્રથમ તબક્કામાં, તા. ૦૧.૦૧.૨૦૨૪ની આંકડાકીય માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું. આ દૈનિક રેકોર્ડમાં, ૧૩૪૫ દૂધ મંડળીઓમાંથી ૭૪,૯૯૫ પરિવારનો ૭,૮૮,૮૯૧ લિટર દૂધ ૮:30 કલાક પછી મંડળીઓમાં પહોંચાડવામાં આવતું હતું. આ સ્થિતિ સુધારવા માટે બે એક્શન પ્લાન નક્કી કરવામાં આવ્યા:






**એક્શન પ્લાન-૧**
પહેલા તબક્કામાં, ૯:00 કલાક પછી દૂધ પૂરો પાડતા ગ્રાહકોમાં સુધારો લાવી, તેઓને ૯:00 વાગ્યા સુધીમાં દૂધ પૂરું ભરતા કરવા.

**એક્શન પ્લાન-૨:**
બીજા તબક્કામાં, ૮:30 કલાક પછી દૂધ પૂરો પાડતા ગ્રાહકોમાં સુધારો લાવી, તેઓને ૮:30 સુધીમાં દૂધ ભરતા કરવા.

ગ્રાહકોમાં આ બદલાવ લાવવા માટે, મંડળીના કાર્યકરોએ જાણકારી ફેલાવી, અને દૂધ ભરણો સમયસર કરવાની જરૂરીયાત સમજાવી. તેથી, સંપૂર્ણ ફીલ્ડ સ્ટાફ આ કાર્યમાં જોતરાઇ ગયો. એમાં ૧૫ દિવસમાં પહેલા તબક્કાની સફળતા મળી, અને તા. ૧૫.૦૧.૨૦૨૪ના રોજ ૯:00 વાગ્યા પછી કોઈ દૂધ ગ્રાહક બાકી રહ્યો નહીં. ત્યારબાદ, બીજા તબક્કાનો પ્રારંભ થયો, જેમાં ૮:30 વાગ્યા પછી દૂધ પૂરો પાડવા વાળા ગ્રાહકોને સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. ૫ મહિના સુધી આ પ્રક્રિયા ચાલુ રાખીને, તા. ૦૯.૦૫.૨૦૨૪ના રોજ આ બીજા તબક્કાની પૂર્ણ સફળતા મળી. તે દિવસે ૮:30 પછી એકપણ દૂધગ્રાહક બાકી નહોતો. કાઈઝેન પ્રક્રિયામાં, કેટલાક મંડળીઓ પર ડોકની સુવિધા અભાવ હતી, જેમાં ડોકની સંખ્યા વધારવામાં આવી. આ બધું, ફીલ્ડ ટીમ અને દૂધ ગ્રાહકોના સહિયારા પ્રયાસોથી શક્ય બન્યું, અને દૂધની ગુણવત્તામાં પણ સારો સુધારો થયો. હાલમાં ભરણું ૮:30 કલાક સુધીમાં જીલ્લાના તમામ દૂધ ગ્રાહકો

QCFI, વડોદરામાં યોજાયેલી Best Kaizen અને Quality Circle સ્પર્ધામાં બનાસ ડેરીની ૬ ટીમોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગુજરાત રાજ્ય તેમજ અન્ય રાજ્યોની વિવિધ ટીમોએ પણ હિસ્સો લીધો હતો. ટાટા, ABB, અદાણી, CEAT, આદિત્ય બિરલા, સન ફાર્મા, MG, યોકોહામા ટાયર, અપોલો ટાયર, પોલિકેમ વાયર જેવી ૪૫ જાણીતી કંપનીઓની કુલ ૨૬૨ ટીમો અને ૧૨૦૦ જેટલા પ્રતિભાગીઓએ ભાગ લીધો હતો.

આ સ્પર્ધામાં, આપણી MP/SSની "ધી ગોલ ગેટર્સ" ટીમે દૂધ મંડળીઓમાં દૂધભરણાનો સમય ૮:30 વાગ્યા સુધી લાવવાના કાઈઝેન વિષય પર પ્રેઝન્ટેશન કર્યું, અને તે માટે સિલ્વર એવોર્ડ જીત્યો.

આ સફળતા, નાના સુપરવાઈઝરથી લઈને ઝોનલ અધિકારી સુધીની તમામ ટીમના અથાગ પ્રયત્નોથી સંભવ બની. પ્રેઝન્ટેશન કરનાર ટીમ, ફિલ્ડ સ્તરે મહેનત કરનાર તમામ ટીમ, અને દૂધ ગ્રાહકોને બનાસ ડેરી પરિવાર હાર્દિક અભિનંદન પાઠવે છે.








# બનાસ ડેરીએ સ્થાપિત કર્યો દેશનો સૌથી મોટો ઓટોમેટિક માવા પ્લાન્ટ

**૨૦ ટન પ્રતિ દિવસ ક્ષમતા ધરાવતાં, ભારતના સૌથી મોટા ઓટોમેટિક ખોઆ પ્લાન્ટની સિદ્ધિ.**



**સણાદર સંકુલમાં ગળ્યો અને મોળો માવો ઉત્પાદિત થાય છે, જેનાથી પરંપરાગત મીઠાઈઓ જેમ કે પેંડા, લાડવા, અને રસમલાઈ બનાવવામાં આવે છે.**

**આ પ્લાન્ટમાં ખૂબ જ હાઈજેનિક રીતે ૫૦ થી વધુ મીઠાઈઓના ઉત્પાદનનું ભવિષ્યનું આયોજન પણ છે, જે ડેરી ઉદ્યોગમાં એક મોટી ઉન્નતિ છે!**






બનાસ ડેરી સંકુલ, સણાદર ખાતે ૨૦ ટન પ્રતિ દિવસની ક્ષમતા ધરાવતો માવા પ્લાન્ટ કાર્યરત છે, જે વિશ્વના સૌથી મોટા અને સતત ચલાવતા માવા ઉત્પાદન પ્લાન્ટ તરીકે જાણીતો છે. આ પ્લાન્ટ મીઠાઈ ઉદ્યોગમાં એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ છે, અને તે દેશમાં માવા-આધારિત મીઠાઈઓના ઉત્કૃષ્ટ ઉત્પાદનમાં મહત્વની ભૂમિકા ભજવે છે.

આ માવા પ્લાન્ટની વિશિષ્ટતા માત્ર તેની વિશાળ ઉત્પાદન ક્ષમતા સુધી સીમિત નથી, પરંતુ અહીં બે પ્રકારના માવાનું ઉત્પાદન કરવામાં આવે છે: (૧) ગળ્યો માવો, જે નરમ અને ખૂબ જ આકર્ષક સ્વાદ ધરાવે છે, અને (૨) મોળો માવો, જે વધુ ગાઢ અને મીઠાઈઓ માટે ખાસ ફાળવાયેલ માવો છે. બંને પ્રકારના માવાનો ઉપયોગ વિવિધ સ્વાદિષ્ટ અને પરંપરાગત ભારતીય મીઠાઈઓ બનાવવા માટે થાય છે, જે દેશભરમાં લોકપ્રિય છે.


આ પ્લાન્ટમાં તૈયાર થતો માવો વિશિષ્ટ રીતે ભારતીય રસોઈ પરંપરાના ઉપાડને સમર્થન આપે છે. ગળ્યો અને મોળો માવો રસમલાઈ, પેંડા, લાડવા, બર્ફી અને કાજુ કતરી જેવી પ્રખ્યાત મીઠાઈઓ બનાવવા માટે ઉપયોગમાં લેવાય છે. આ માવાથી બનેલી મીઠાઈઓ તેમના સ્વાદ અને ગુણવત્તા માટે પ્રખ્યાત છે, અને તહેવારોમાં તેમજ વિશેષ પ્રસંગોમાં લોકોની પ્રથમ પસંદગી બને છે.

ભવિષ્યમાં, આ માવા પ્લાન્ટ ૫૦ જેટલી વિવિધ મીઠાઈઓના ઉત્પાદન માટે સજ્જ થવાનું આયોજન કરી રહ્યું છે. આ આયોજન સાથે, બનાસ ડેરીની સ્વાદિષ્ટ મીઠાઈઓની શ્રેણી વધુ વિસ્તૃત થશે, જે દેશ-વિદેશમાં ગ્રાહકોની મીઠાઈ પ્રત્યેની વધતી માંગને પૂરી કરશે.

આ માવા પ્લાન્ટમાં પરંપરાગત પદ્ધતિઓ અને આધુનિક ટેક્નોલોજીનો સુમેળ બેસાડવામાં આવ્યો છે. પરંપરાગત પદ્ધતિઓ માવાના મૂળ સ્વાદ અને ગુણવત્તા જાળવી રાખવામાં મદદ કરે છે, જ્યારે આધુનિક યંત્રો અને સતત ચાલતી પ્રોસેસે મોટી માત્રામાં માવા ઉત્પાદન સરળતાથી કરી શકાય છે. આ પ્લાન્ટમાં ઉપયોગમાં લેવાતી ટેક્નોલોજી વિશ્વ સ્તરના ગુણવત્તા ધોરણોને અનુસરીને ચલાવવામાં આવે છે, જેથી ગ્રાહકોને શ્રેષ્ઠ ગુણવત્તાવાળા માવા-આધારિત ઉત્પાદનો પ્રાપ્ત થાય.

આ માવા પ્લાન્ટે ભારતના મીઠાઈ ઉદ્યોગમાં નવી દિશા દર્શાવી છે. તેની વિશાળ ઉત્પાદન ક્ષમતા અને ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રિત કરીને, બનાસ ડેરી માવા-આધારિત મીઠાઈઓના ક્ષેત્રમાં એક અગ્રણી પ્લેયર તરીકે ઉભરી આવી છે.







# પશુપાલન વ્યવસાયથી લોકોના જીવનમાં સમૃદ્ધિમાં વધારો

પશુપાલન એ ભારતની પ્રાચીન વ્યવસાય અને ગ્રામીણ આર્થિકતાનો મહત્ત્વપૂર્ણ હિસ્સો છે. પશુપાલન વિપુલ પ્રમાણમાં દૂધ, ગોબર, ગૌ મૂત્ર જેવી પ્રાણીઓની ઉત્પાદન ક્ષમતાનો લાભ લેતો વ્યવસાય છે. આ વ્યવસાયના અનેક ફાયદા છે, જેનો સીધો લાભ લોકોના જીવનના દરેક ક્ષેત્રમાં જોવા મળે છે. ચાલો, સમજીએ કે પશુપાલન દ્વારા લોકોના જીવનમાં કેવી રીતે સમૃદ્ધિ વધે છે:

**આર્થિક લાભ**
પશુપાલનનું સૌથી મોટો ફાયદો એ છે કે તે લોકોના ઘર આવકમાં મોટો ફાળો આપે છે. દૂધ, માખણ, દહીં અને ઘી જેવા દૂધના ઉત્પાદનો સ્થાનિક અને વૈશ્વિક બજારમાં મોટી માંગ ધરાવે છે. આથી પશુપાલકોને સાતત્યપૂર્ણ આવક મળી રહે છે. વિશેષ રીતે નાના અને મધ્યમ ખેડૂતો માટે, આ આવકનો સ્રોત વધુ નક્કી થાય છે.

**રોજગારી**
પશુપાલન ખેતીકામ સાથે સંકળાયેલા લાખો લોકો માટે રોજગારીની તકો પેદા કરે છે. પશુઓની દેખભાળ, ચારા, દૂધ ઉત્પાદન, ઔષધોપચાર અને તેમના ઉત્પન્નની વેચાણ વ્યવસ્થામાં લોકોને રોજગારી મળે છે. સાથે જ, આ વ્યવસાય મહીલા મજૂરો અને સામાજિક રીતે પછાત વર્ગ માટે વધુ આરામદાયક અને લાભદાયક છે.

**પોષણમાં સુધારો**
દૂધ અને તેના વિવિધ ઉત્પાદનો, જેમ કે દહીં, છાસ, અને પનીર, પ્રોટીન, કેલ્શિયમ અને વિટામિન્સના ઉત્તમ સ્ત્રોત છે. આથી, પશુપાલન તેમના ઘર અને સમુદાયને યોગ્ય આહાર પૂરો પાડવામાં પણ મદદ કરે છે. આથી લોકોના સ્વાસ્થ્યમાં સુધારો થાય છે અને કુપોષણ જેવી સમસ્યાઓનું નિરાકરણ થાય છે.





**સરકારી સહાય અને યોજના**
સરકાર પશુપાલનને પ્રોત્સાહન આપવા માટે વિવિધ યોજના ચલાવે છે. આ યોજનાઓ અંતર્ગત, પશુપાલકોને સહાય અને ટ્રેનિંગ આપવામાં આવે છે જેથી તેઓ પોતાના વ્યવસાયને વધુ વ્યાપક અને વ્યાવસાયિક બનાવે. દૂધ ઉત્પાદનમાં વૃદ્ધિ અને આરોગ્ય સેવાઓનો ઉપયોગ કરીને પશુઓની સંભાળ વધુ સારી રીતે લેવાય છે.

**ગ્રામીણ અર્થતંત્રમાં વિકાસ**
પશુપાલન દ્વારા ગ્રામીણ અર્થતંત્રના વિકાસને પ્રોત્સાહન મળે છે. દૂધ ઉત્પાદન અને તેના ઉત્પાદન સંબંધિત ઉદ્યોગો દ્વારા સ્થાનિક બજારો વિકસે છે અને નાણાકીય પ્રવાહને વધારવામાં મદદ મળે છે. પશુપાલન સાથે જોડાયેલી સેવાઓ અને ઉત્પાદનોની માંગ વધતી રહે છે, જે ગ્રામીણ વિસ્તારોમાં મજબૂત આર્થિક માળખું ઉભું કરવામાં મદદરૂપ બને છે.

**જૈવિક ખેતીમાં યોગદાન**
પશુપાલનનો એક વધારાનો લાભ એ છે કે પશુઓના ગોબર અને મૂત્રનો ઉપયોગ જૈવિક ખાતર તરીકે થાય છે. આ ખાતર જમીનની ફળદ્રુપતા વધારવા અને પાકોને વધુ સજીવ બનાવવા મદદ કરે છે. જૈવિક ખેતી ગુણવત્તાવાળું ઉત્પાદન અને આર્થિકરીતે ફાયદો કરે છે.

**પર્યાવરણને અનુકૂળ**
પશુપાલનનો પર્યાવરણ પર પણ હકારાત્મક પ્રભાવ પડે છે. પશુપાલન માટે વપરાતા ખાદ્ય પદાર્થો જૈવિક હોય છે, અને પ્રાણીઓ દ્વારા ઉત્પાદન કરેલ કચરો જમીન અને પાણીની ગુણવત્તામાં સુધારો કરી શકે છે. આથી, પશુપાલન એક પર્યાવરણ અનુકૂળ વ્યવસાય છે.

**નાણાકીય સુરક્ષા અને વધતા મૂલ્યવર્ધન**
પશુપાલન દ્વારા એક ખેડૂતને માત્ર પશુઓનું ઉત્પાદન નહીં, પરંતુ તેના મૂલ્યવર્ધિત ઉત્પાદનોના વેચાણમાંથી વધુ નફો પણ મળતો જાય છે. દૂધમાંથી બનાવેલ ઉત્પાદનો, જેમ કે પનીર, માખણ, ઘી, જેવા ઉત્પાદનોના વેચાણથી પશુપાલન વધુ લાભદાયી થાય છે.
પશુપાલનનો વ્યવસાય માત્ર લોકોના જીવનમાં આરોગ્ય, પોષણ અને નાણાકીય સુરક્ષા પૂરું પાડવાનો નથી, પણ તે સામાન્ય લોકોને આર્થિક રીતે મજબૂત બનાવે છે.

# સહકારી ક્ષેત્રનો ખેડૂતો અને પશુપાલકોને ફાયદો



ભારતમાં સહકારી ક્ષેત્રને દેશની આર્થિક અને સામાજિક પ્રગતિમાં વિશેષ મહત્વ છે. આ ક્ષેત્રે ખાસ કરીને ખેડૂતો અને પશુપાલકોના જીવન સ્તરને ઉંચું લાવવાનો, તેમની આવકમાં વધારો કરવાનું અને તેમને નાણાકીય અને આર્થિક સુરક્ષા પૂરી પાડવાનું કામ કર્યું છે. સહકારી મોડેલને આધારે, નાના અને મધ્યમ ઉદ્યોગો સાથે જોડાયેલા લોકો સાથે મળીને કાર્ય કરી શકે છે, જે તેમને આપમેળે વધુ સશક્ત બનાવે છે. સહકારી ક્ષેત્રના ફાયદાઓ ખાસ કરીને પશુપાલકો અને ખેડૂતો માટે ઉપયોગી થાય છે.

**સામુહિક સશક્તિકરણ**
સહકારી ક્ષેત્રની સૌથી મોટી વિશેષતા એ છે કે તે નાના અને મધ્યમ ખેડૂતોને એકત્રિત કરી, તેમને મોટો મંચ પૂરો પાડે છે. નાના ખેડૂતો જે વ્યક્તિગત રીતે વિતરણ અને ઉત્પાદન પ્રક્રિયામાં નબળા હોય છે, તેઓ સહકારી સંસ્થાના ભાગરૂપે વધુ મજબૂત પાયે ઉભા થાય છે. આથી, તેઓ સહકારી માળખામાં એક મોટા ગાળામાં પ્રવેશ મેળવી શકે છે અને તેમનો બિઝનેસ વિસ્તારાવી શકે છે.

**ઉત્પાદનોના મૂલ્યમાં વધારો**
ખેડૂતો અને પશુપાલકોના ઉત્પાદનો, જેમ કે દૂધ, ફળો, શાકભાજી અને અનાજ, સહકારી મોડેલમાં વધુ સારા ભાવો પ્રાપ્ત કરે છે. સહકારી સંસ્થાઓ દૂધ સંઘો, આણંદ દૂધ ઉત્પાદન માળખું અને અન્ય કૃષિ સહકારી આદરથી મૂલ્યવર્ધન કરવાની પ્રવૃત્તિઓ ચલાવે છે. આથી, પશુપાલકો અને ખેડૂતોને તેમના ઉત્પાદનોના વધુ ભાવ મળે છે, અને તેમને મધ્યસ્થીઓ પર આધાર રાખવાનો વારો નથી આવતો.

**વિતરણ અને બજાર સુધી પહોંચ**
સહકારી સંસ્થાઓ દ્વારા ખેડૂત અને પશુપાલકોના ઉત્પાદનો માટે વેચાણનું મજબૂત નેટવર્ક ઉભું કરવામાં આવે છે. આ નેટવર્ક તેમની વસ્તુઓને મોટા બજારો સુધી પહોંચાડવામાં મદદરૂપ બને છે, જ્યાં નફાનો સીધો લાભ તેમને મળે છે. વિતરણ પ્રક્રિયા માટેના ખર્ચમાં ઘટાડો થાય છે અને મોટી માર્કેટિંગ સંસ્થાઓ કે વિતરણ દલાલોની જરૂરત પણ ઘટી જાય છે.

**સસ્તી નાણાકીય સહાય**
સહકારી બેંકો અને નાણાકીય સંસ્થાઓ ખેડૂત અને પશુપાલકોને નીચા વ્યાજ દરે લોન આપે છે. આ લોનનો ઉપયોગ ખેતી માટેના સાધનો, મશીનરી, ચારા અને પશુઓની આરોગ્ય સેવાઓ માટે થઈ શકે છે. સહકારી ક્રેડિટ વ્યવસ્થાઓ તેમને મહેનતાણું લેવડદેવડથી બચાવે છે અને ગરીબ ખેડૂત અથવા પશુપાલકને વ્યાજની મોટી સંખ્યામાં લોન લેવાની જરૂર હોતી નથી.

**ટેકનોલોજી અને ટ્રેનિંગ**
સહકારી સંસ્થાઓ ખેડૂત અને પશુપાલકોને નવી ટેક્નિક અને ટેકનોલોજીનું જ્ઞાન આપતી હોય છે. ખેતી અને પશુપાલનમાં સુધારણા લાવવા માટે અને તેમની ઉત્પાદકતા વધારવા માટે સહકારી માળખામાં વિવિધ તાલીમ કાર્યક્રમો અને સેમિનાર યોજવામાં આવે છે. દૂધ ઉદ્યોગ, મકાઈ, કપાસ અને અન્ય પાકોના ઉત્પાદન માટે નવીનતમ ટેકનોલોજી અને પદ્ધતિઓ વિષે જાણકારી આ તાલીમથી મળતી હોય છે.

**સુરક્ષા અને સહકારનો ભાવ**
સહકારી ક્ષેત્રમાં ખેડૂત અને પશુપાલકોને નાણાકીય તેમજ સામાજિક સુરક્ષા મળે છે. એક સામુહિક સહકારના માધ્યમથી, દરેક વ્યક્તિને મજબૂત માળખું મળે છે, જેમાં તેઓ પરસ્પર મદદરૂપ બની શકે છે. સહકારનો ભાવ અને સામૂહિક મજબૂતી વધુ સારી ઉત્પાદન ક્ષમતાને પ્રોત્સાહન આપે છે, અને પરસ્પર સહકારથી કુદરતી આફતો, બજારની અસ્થિરતા અને અન્ય આર્થિક પડકારોનો સામનો કરી શકાય છે.

**સારી સુવિધાઓ**
સહકારી સંસ્થાઓ કૃષિ યંત્રો, ખાતર, બીજ, દવાઓ અને પશુઓના ચારા જેવી સહાયકારી સેવાઓ સસ્તા દરે પ્રદાન કરે છે. આ સેવાઓને લઈને નાના ખેડૂતો અને પશુપાલકો વધુ મૂલ્યમાં પોતાનું ઉત્પાદન કરી શકે છે અને વધુ નફો મેળવી શકે છે. આ ઉપરાંત, આ ક્ષેત્રે વધુ સારી આરોગ્ય સેવાઓ અને વીમાની સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

**સ્ત્રી સશક્તિકરણ**
સહકારી ક્ષેત્ર દ્વારા મહિલાઓને પણ સશક્ત બનાવવામાં આવે છે. સહકારી સંસ્થાઓ ખાસ મહિલાઓ માટે કાર્યકર હોય છે, જેમાં તેઓને જરૂરી તાલીમ, નાણાકીય સહાય અને રોજગારી પૂરી પાડવામાં આવે છે. મહિલાઓએ દૂધ ઉત્પાદનમાં વિશેષ યોગદાન આપ્યું છે, અને તેઓ આ મંચ દ્વારા તેમના કુટુંબને પણ નાણાકીય રીતે મજબૂત બનાવી શકે છે.

**સુરક્ષિત બજાર ભાવ**
સહકારી માળખામાં ખેડૂત અને પશુપાલકોને બજારમાં ભાવની અસ્થિરતા અને વૈશ્વિક બજારના દુશ્પ્રભાવોથી બચાવ કરવામાં મદદ મળે છે. સહકારી સંસ્થાઓનું મુખ્ય ધ્યેય છે ખેડૂત અને પશુપાલકોને ન્યાયી ભાવ પ્રદાન કરવો, જેથી તેઓનું ઉત્પાદન વેચાતું રહે અને બજારના ખરાબ પ્રભાવનો તેમને ઓછો ધક્કો લાગે છે.

**સરકારી સહાય અને સહયોગ**
સરકાર સહકારી ક્ષેત્ર માટે અનેક સહાય યોજના ચલાવે છે. ખેતી અને પશુપાલન સાથે જોડાયેલી સહકારી સંસ્થાઓને વિવિધ સહાયો, સબસિડી અને ટેકનિકલ સહાય મળી રહે છે, જે ખેડૂત અને પશુપાલકોને વ્યાવસાયિક રીતે વધુ મજબૂત અને સક્ષમ બનાવે છે.
સહકારી ક્ષેત્ર ખેડૂતો અને પશુપાલકો માટે એક મજબૂત પાયાનું કામ કરે છે. આ વ્યવસ્થાએ ભારતીય કૃષિ અને પશુપાલન ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ ફાળો આપ્યો છે. સામૂહિક સહકાર, નાણાકીય સુરક્ષા, સુધારેલી ટેક્નોલોજી, માર્કેટિંગ સુવિધાઓ અને ટકાઉ વિકાસના માધ્યમથી સહકારી ક્ષેત્ર દેશના ગ્રામીણ ક્ષેત્રની આર્થિક વૃદ્ધિમાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યું છે.

શુદ્ધતા નું પ્રતીક એટલે

# • બનાસ મીઠાઈ •

## પ્રકાશ પર્વ દિવાળી પર માણો બનાસ મીઠાઈનો સ્વાદ




### બનાસ શુધ્ધ ઘી માંથી બનાવેલ

મોહન થાળ • મોતીચુર • મગસ • દેવડા • ચોકલેટ બરફી
પિસ્તા બરફી • મિક્સ બરફી • ટોપરા પાક • કાલાજામ
ઈલાયચી પેડા • કાજુકસાટા • કાજુ અંજીર રોલ • મિક્સ ડ્રાયફ્રુટ મીઠાઈ

### બનાસ નવરસ તેલ માંથી બનાવેલ

મિક્સ ચવાણું • સેવ • ગાંઠિયા • પાપડી • કાતરી કેવડો • ફુલવડી



### બનાસ શુદ્ધ ઘી માંથી બનાવેલ બેસન મીઠાઈ


મોહન થાળ


મોતીચુર


મગસ


દેવડા

### અમુલ દૂધ માંથી બનાવેલ સ્વાદિષ્ટ માવા મીઠાઈ


ચોકલેટ બરફી


પિસ્તા બરફી


મિક્સ બરફી


ટોપરા પાક


કાલા જામ

### ડ્રાયફ્રુટ મીઠાઈ


કાજુ કસાટા


કાજુ પિસ્તા રોલ


કાજુ અંજીર રોલ


કાજુ ખસખસ રોલ


મિક્સ ડ્રાયફ્રુડ મીઠાઈ

### બનાસ નવરસ તેલમાંથી બનાવેલ નમકીન


મિક્સ ચવાણું


સેવ


ગાંઠિયા


પાપડી


કાતરી કેવડો


ફૂલવડી


કેવડો



ભારતમાં ગામની અર્થવ્યવસ્થાને, માતાઓ-બહેનોના સશક્તિકરણને કેવી રીતે બળ આપી શકાય, કો-ઓપરેટીવ મૂવમેન્ટ એટલે સહકાર કેવી રીતે આત્મનિર્ભર ભારત અભિયાનને શક્તિ આપી શકે, આ બધું બનાસ ડેરીમાં પ્રત્યક્ષ અનુભવ કરી શકાય છે.

આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી
(બનાસ ડેરી સંકુલ સણાદર, ૧૯ એપ્રિલ, ૨૦૨૨)







